ગુજરાત રાજ્યમાં આવેલ એક ઇજનેરી કોલેજ/ પોલીટેકનીકમાંથી બીજી ઇજનેરી કોલેજ/પોલીટેકનીકમાં વિદ્યાર્થીઓને બદલી આપવા માટેના નિયમો અનુસરવાની પધ્ધતિ.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: ટીઇએમ-૧૦૨૦૦૩-૧-સ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨-૧૨-૨૦૦૬

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૩-૩-૨૦૦૩ નો ઠરાવ ક્ર: ટીઇએમ-૧૦૨૦૦૩-૧-સ
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૩-૧૦-૨૦૦૩ નો ઠરાવ ક્ર: ટીઇએમ-૧૦૨૦૦૩-૧-સ

ઠરાવ:-

ગુજરાત રાજ્યમાં ઇજનેરી કોલેજો / પોલીટેકનીક કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને એક ઇજનેરી કોલેજમાંથી બીજી ઇજનેરી કોલેજ તેમજ એક પોલીટેકનીક કોલેજમાંથી બીજી પોલીટેકનીક કોલેજોમાં બદલીથી પ્રવેશ આપવાના નિયમો ઉકત સંદર્ભિત ઠરાવથી બહાર પાડવામાં આવેલ છે. જેમાં પુનઃ વિચારણા કરીને તા. ૧૩-૧૦-૦૩ ના સરખા ક્રમાંકના ઠરાવથી રાજ્યની ઇજનેરી કોલેજો / ફાર્મસી કોલેજો તેમજ પોલીટેકનીકો કોલેજોમાં સ્વનિર્ભર સંસ્થામાંથી રાજ્યની સરકારી તેમજ અનુદાન મેળવતી ઇજનેરી / ફાર્મસી કોલેજો તેમજ પોલીટેકનીકો કોલેજોમાં સંસ્થા બદલી કરવા માટે નિયમ-૧૨ (અ) થી કરેલી જોગવાઇ આથી રદ કરવામાં આવે છે.

આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( લલિત વ્યાસ )
સરકારના ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,
માન. મંત્રીશ્રી (શિ) ના અંગત સચિવશ્રી , સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર
અધ્યક્ષશ્રી ટેકનીકલ પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તમામ આચાર્યશ્રી, સરકારી, ગ્રાન્ટ ઇન- એઇડ, ડીગ્રી ઇજનેરી તેમજ ડીપ્લોમા ઇજનેરી કોલેજો ( ટેકનીકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત )
તમામ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ,
સીલેકટ ફાઇલ
નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ